Re-Accredited 'B' 2.82 CGPA by NAAC
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Telegram : VNSGU, Telephone : +91 - 261 - 2227141 to 2227146, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

# પ રિ પ ત્ર

યુનિવર્સિટી સંલગ્ન સ્વનિર્ભર કોલેજો તથા અનુદાનિત કોલેજોમાં ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમોનાં આચાર્યશ્રીઓને જણાવવાનું કે, **સિન્ડિકેટ તા.૦૫/૧૨/૨૦૧૪ની સભાનાં ઠરાવ ક્રમાંક : (૩૭)**થી નીચે મુજબ ઠરાવવામાં આવેલ હતું.

*"હવેથી નવી નિમણૂંકો NET/ GSLET/ Ph.D. હોય તેવા જ અધ્યાપકોની કરવી અને જો આ પ્રકારના અધ્યાપકો ન મળે તો ૧૧ મહિનાના કોન્ટ્રાકટ પધ્ધતિથી નિમણૂંક કરવી. જેનો ન્યૂનતમ પગાર નવા અધ્યાપકના Basic + Perks જેટલો રાખવો, તેની નિમણૂંક યુનિવર્સિટી કમિટિ દ્વારા જ કરવામાં આવશે."*

સિન્ડિકેટનાં ઉપરોકત ઠરાવ અંગે પુનઃ વિચારણા કર્યા બાદ **સિન્ડિકેટ તા.૨૯/૦૬/૨૦૧૫**ની સભાનાં **ઠરાવ ક્રમાંકઃ ૧૮થી નીચે મુજબ ઠરાવેલ છે.**

*"યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં આસીસ્ટન્ટ પ્રોફેસરો/ લાઈબ્રેરીયન/ ફીઝિકલ ઈન્સ્ટ્રકટરની નવી નિમણૂંકો યુ.જી.સી./ સંલગ્ન કાઉન્સિલ/ યુનિવર્સિટીના નિયામાનુસાર જ કરવી. જો આ પ્રકારના ઉમેદવારો ન મળે તો ૧૧ મહિનાના કોન્ટ્રાકટ પધ્ધતિથી તેઓની ટીચીંગ આસીસ્ટન્ટ/ લાઈબ્રેરી આસીસ્ટન્ટ/ ફીઝિકલ ઈન્સ્ટ્રકટર આસીસ્ટન્ટ તરીકે નિમણૂંક કરવી. જેનો ન્યૂનતમ માસિક રૂ.૨૫,૦૦૦/– ફીક્ષ પગાર રાખવો તેમજ આવા ઉમેદવારોની નિમણૂંક યુનિવર્સિટીના નિયમાનુસારની પસંદગી સમિતિ દ્વારા જ કરવી. સિન્ડિકેટની તા.૦૫/૧૨/૨૦૧૪ની સભાનાં ઠરાવ ક્રમાંકઃ ૩૭થી ઉપરોકત ઠરાવ્યા મુજબ સિવાયની અન્ય બાબતો યથાવત્ રહેશે.*

*વધુમાં ઠરાવવામાં આવે છે કે, જે સંસ્થામાં કોન્ટ્રાકટ પધ્ધતિથી નિમાયેલ યુનિવર્સિટી માન્ય ટીચીંગ આસીસ્ટન્ટની ટકાવારી ૨૦ ટકા થી વધુ હોઈ તો તે સંસ્થાઓએ વિદ્યાર્થીઓ પાસેથી ૧૦ ટકા ફી ઓછી લેવાની રહેશે."*

આથી હવેથી સિન્ડિકેટની **તા.૨૯/૦૬/૨૦૧૫**ની સભાનાં **ઠરાવ ક્રમાંકઃ ૧૮**નો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે તથા ૧૧ માસ કરાર આધારિત નિમણૂંક પામેલ ટીચીંગ આસીસ્ટન્ટ/ લાઈબ્રેરી આસીસ્ટન્ટ/ ફીઝિકલ ઈન્સ્ટ્રકટર આસીસ્ટન્ટનો કરાર પૂર્ણ થયા પહેલા યુ.જી.સી. મુજબનાં લાયકાતના ધોરણો અનુસારની નિમણૂંક માટે સંસ્થાએ નવેસરથી જાહેરાત આપી યુનિવર્સિટીનાં નિયમાનુસાર નિમણૂંક કરવાની રહેશે.

યુનિવર્સિટી કાર્યાલયનો તા.૧૦–૦૬–૨૦૧૫નો પરિપત્ર ક્રમાંકઃ એસ(૧)/ (પરિપત્ર)/ ૭૧૨૫ / ૨૦૧૫ આથી રદ્ કરવામાં આવે છે, જેની નોંધ લેવી.

સદર પરિપત્રનો ચુસ્તપણે અમલ કરવો.

કુલસચિવ

ક્રમાંકઃ એસ(૧)/ (પરિપત્ર)/ ૧૦૦૩૬ / ૨૦૧૫
યુનિવર્સિટી કાર્યાલય
સુરત. તા.૧૭–૦૭–૨૦૧૫

**પ્રતિ,**

યુનિવર્સિટી સંલગ્ન તમામ સ્વનિર્ભર કોલેજો તથા અનુદાનિત કોલેજોમાં ચાલતા સ્વનિર્ભર અભ્યાસક્રમોનાં આચાર્યશ્રીઓ તથા સંચાલક મંડળ તેમજ ટ્રસ્ટ તરફ જાણ તથા ચુસ્તપણે અમલ થવા માટે...